# કાલથી મહેસૂલી કર્મીની બેમુદતી હડતાળ

**સોમવારે** 500 મહેસૂલ કર્મચારીઓ માસ સીએલ પર હતા

**માંગણીઓ** નહીં સંતોષાઇ ત્યાં સુધી રાજ્યવ્યાપી હડતાળ



સુરતઃ સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળ દ્વારા પડતર માંગણીઓ સાથે આંદોલન શરૂ કરાયું છે. સોમવારે 500 થી વધારે કર્મચારીઓ માસ સીએલ ઉપર ઉતર્યા બાદ હવે બુધવાર 7 તારીખથી અચોક્કસ મુદતની હડતાળ પર જશે.

અત્યારે જાણે હડતાળની સિઝન ચાલતી હોય તેમ એક પછી એક કર્મચારી મંડળો હડતાળ અને સરકારની નિતી સામે વિરોધ કરી રહ્યા છે. ગ્રામસેવકો અને સિટીસર્વે કર્મચારીઓ બાદ હવે મહેસૂલી કર્મચારીઓ પણ હડતાળ ઉપર જવાના છે. સુરત જિલ્લામાં ક્લાર્ક, તલાટી, નાયબ મામલતદાર સહિતના આશરે 500 મહેસૂલી કર્મચારીઓ સોમવારે સામૂહિક રજા (માસ સીએલ) પર હતા.

જેને કારણે કચેરીઓ ખાલીખમ રહી હતી. કચેરીમાં લોકોના અરજદારોના કામ અટવાયા હતા. લોકોને ધક્કા ખાવા પડ્યા હતા. પડતર માંગણીઓને લઈને શનિવારે મહેસૂલી કર્મચારીઓએ સરકારી વોટ્સએપ ગ્રૃપ લેફ્ટ કર્યું હતું. સુરત જિલ્લા મહેસૂલી કર્મચારી મંડળના પ્રમુખ જલ્પા ઉપાધ્યાય સહિતના હોદ્દેદારોએ શનિવારે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી પડતર પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવાની રજૂઆત કરી હતી. સોમવારે માસસીએલ પર રહ્યા બાદ હવે બુધવારથી અચોક્કસ મુદતની હડતાળ પર જશે. આ ઉપરાંત આંદોલન દરમિયાન કર્મચારીઓ 'વર્ક ટુ રૂલ' મુજબ કામગીરી કરશે અને તમામ જાહેર રજાઓમાં સરકારી કામગીરીથી અળગા રહેશે.

### અગાઉ ક્યારે અને ક્યાં રજૂઆત થઇ?

**(૧) ૨૦૨૧ - ૨૦૨૪**

» નિવેદન અને આવેદનપત્રોઃ કલેક્ટર અને મામલતદાર મારફતે રાજ્યના મહેસૂલ મંત્રી, નાણા મંત્રી અને મુખ્યમંત્રીને વિવિધ સમયે ૧૪ જેટલી માંગણીઓ માટે ૩૦થી વધુ વખત અલગ-અલગ આવેદનપત્રો સુપ્રત કરવામાં આવ્યા હતા. મંત્રી સ્તરની બેઠકોઃ સરકાર દ્વારા મધ્યસ્થી કરીને ઉકેલ લાવવા માટે યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકો.

**(૨) ઓગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૨૨:** વિધાનસભા ચૂંટણી પહેલાં મહેસૂલી

» કર્મચારીઓએ રાજ્યવ્યાપી કાળી પટ્ટી ધારણ કરીને વિરોધ કર્યો હતો અને તે સમયે મહામંડળના હોદ્દેદારોએ મધ્યસ્થ સમિતિ તથા સચિવાલય ખાતે ટૂંકા ગાળામાં જ ૧૦થી વધુ વાર રજૂઆતો કરી હતી.લેખિત ખાતરી (સંમતિ પત્ર): ૨૦૨૨ માં આંદોલન સમયે સરકાર કર્મચારી મંડળ સાથે બેઠક કરી ૩૦ દિવસમાં માંગણીઓને સંતોષવાની લેખિત/મૌખિક બાંહેધરી આપી હતી.

**(૩) ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૪**

» આંદોલનની નોટિસ આપ્યા બાદ સરકારે કર્મચારીઓ સાથે બેઠકો યોજી હતી.કર્મચારી આગેવાનો (જેમ કે ગુજરાત રાજ્ય મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રમુખ અને મહામંત્રી) ના જણાવ્યા મુજબ, તારીખ અને સમય આપીને યોજાયેલી વાટાઘાટો, લેખિત પત્રો, નોટિસો અને સચિવાલય ખાતેની રૂબરૂ મુલાકાતો મળીને કુલ ૩૮ વાર રજૂઆત કરવા છતાં પરિણામ શૂન્ય રહ્યું, જેથી આખરે કર્મચારીઓએ આંકડાકીય વિરોધ દર્શાવવા આ બાબતનો ઉલ્લેખ કર્યો છે.

**મુખ્ય માંગણીઓ** (૧) સમયસર પ્રમોશન આપવું (૨) ખાલી જગ્યાઓ ભરવી (૩) બદલી માટે સાનુકૂળ નીતિ ઘડવી (૪) સેવા સળંગ ગણવી અને નાણાકીય લાભો આપવા (૫) જૂની પેન્શન યોજના લાગુ કરવી

# વકીલોના વિરોધ સામે સરકારનો બ્રેકઃ 'રેન્ટ બિલ' પર રાજ્યપાલની સહી નહીં થાય

**હાઇકોર્ટમાં** એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીની ખાતરીઃ બાર કાઉન્સિલ સાથે બેઠક બાદ બિલ અટકાવ્યું, જૂનો ભાડા કાયદો ચાલુ રાખવાની કવાયત

### સરકારનો હેતુ શું હતો?

રાજ્ય સરકાર દ્વારા 'મુંબઈ રેન્ટ કંટ્રોલ એક્ટ-1947'ના સ્થાને ગુજરાત માટે નવો ભાડા કાયદો લાવવાની દિશામાં બિલ પસાર કરવામાં આવ્યું હતું. સરકારનો દાવો હતો કે આ નવા કાયદાથી ભાડાના વ્યવહારો વધુ પારદર્શક બનશે, મકાનમાલિક અને ભાડૂત બંનેના હકો-જવાબદારીઓ સ્પષ્ટ થશે અને ભાડા સંબંધિત વિવાદોનો ઝડપી નિકાલ થઈ શકશે. પરંતુ બિલની ન્યાયિક સત્તા સંબંધિત જોગવાઈઓને લઈને વકીલોમાં ભારે વિરોધ ઊભો થયો. રાજ્યવ્યાપી હડતાળ અને બાર કાઉન્સિલની રજૂઆતો બાદ સરકારે હવે બિલને આગળ વધારવાને બદલે સમગ્ર મામલે ફરી ચર્ચા કરવાનો માર્ગ અપનાવ્યો છે.

ગાંધીનગરઃ ગુજરાતમાં નવા ભાડા કાયદાને લઈને રાજ્યભરના વકીલોની હડતાળ અને ઉગ્ર વિરોધ વચ્ચે રાજ્ય સરકારે હાલ પૂરતો 'ગુજરાત રેન્ટ બિલ-2026' પર બ્રેક લગાવી દીધી છે.

સોમવારે ગુજરાત હાઇકોર્ટમાં થયેલી સુનાવણી દરમિયાન રાજ્યના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ જસ્ટિસ મૌલિક જે. શેલતની બેન્ચ સમક્ષ સરકાર વતી સ્પષ્ટ ખાતરી આપી હતી કે આ બિલ પર હવે રાજ્યપાલ સહી કરશે નહીં અને હાલના તબક્કે નવો કાયદો અમલમાં આવશે નહીં.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યો સાથેની બેઠક બાદ સરકારે આ નિર્ણય લીધો હોવાનું એડવોકેટ જનરલે કોર્ટને જણાવ્યું હતું. સાથે જ જૂના ભાડા કાયદાને જ ચાલુ રાખવા માટે સરકાર પ્રયાસ કરશે તેવી પણ રજૂઆત કરવામાં આવી હતી.

એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ હાઈકોર્ટને વધુમાં જણાવ્યું હતું કે સરકાર વકીલ મંડળોની ચિંતાઓ અને રજૂઆતોને ધ્યાનમાં લઈને આ મુદ્દે બાર કાઉન્સિલ તથા અન્ય બાર એસોસિએશનો સાથે ચર્ચા કરશે. નવા કાયદાની જોગવાઈઓ અંગે સહમતી સાધ્યા બાદ જ સરકાર આગળની કાર્યવાહી કરશે. સરકારે વકીલોને હડતાળ સમેટીને કોર્ટની કામગીરી સામાન્ય રીતે ચાલવા દેવા માટે પણ અપીલ કરી હોવાનું કોર્ટ સમક્ષ જણાવાયું હતું. વકીલોની હડતાળ વચ્ચે હાઈકોર્ટ સમક્ષ સરકારની આ ખાતરીથી સમગ્ર વિવાદમાં નવો વળાંક આવ્યો છે. હવે નવા ભાડા કાયદામાં કોર્ટની સત્તા, રેન્ટ ઓથોરિટીની ભૂમિકા અને મકાનમાલિક-ભાડૂતના હકો અંગે સરકાર તથા બાર વચ્ચેની આગામી ચર્ચા નિર્ણાયક બની રહેશે.

# વીજ લાઇનના વળતર મુદ્દે ખેડૂતોમાં રોષ, 12મીએ કલેક્ટર કચેરીએ ધામા

**ઉકેલ** નહીં આવે તો સત્યાગ્રહ છાવણી બાદ હાઇવે પર ચક્કા જામની ચીમકી



સુરત, સાયણઃ દક્ષિણ ગુજરાતમાંથી પસાર થઈ રહેલી ટ્રાન્સમિશન લાઇન અને પાવર ટાવર માટે દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજ દ્વારા રવિવારે ઓલપાડના આંધી ગામે અસરગ્રસ્ત ખેડૂતોની બેઠક યોજાઇ હતી. સુરત અને ભરૂચ જિલ્લાના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ખેડૂતો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે માર્કેટ રેટ કમિટી (MRC)ની રચના યોગ્ય પ્રક્રિયા મુજબ થઈ રહી નથી. ઉપરાંત, અસરગ્રસ્ત ખેડૂતોને સાંભળ્યા વિના ઇન્ડિયન ટેલિગ્રાફ એક્ટ-1885 હેઠળ હુકમો કરવામાં આવી રહ્યા હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. ખેડૂત આગેવાનોએ જમીન, પાક અને ઝાડના નુકસાનનું વળતર ન્યાયી, પારદર્શક અને વાસ્તવિક બજાર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને નક્કી કરવાની માંગ કરી હતી. ખાસ કરીને ઓલપાડ તાલુકાના બે-ત્રણ ગામોમાં થયેલા હુકમોનો વિરોધ કરવા આગામી 12 ઓક્ટોબરે સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ મોટી સંખ્યામાં ખેડૂતો એકત્ર થઈ રજૂઆત કરશે.

બેઠકમાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો પ્રતિકાત્મક રીતે નેશનલ હાઇવે-48 અથવા એક્સપ્રેસ હાઇવે રોકવાના કાર્યક્રમની ચીમકી પણ આપવામાં આવી હતી.

બેઠકમાં ગુજરાત કિસાન સંઘર્ષ સમિતિના કન્વીનર જયેશભાઇ પટેલ,ખેડૂત અને સહકારી આગેવાન દર્શન નાયક, સુમુલ ડેરીના માજી ડિરેક્ટર જયેશભાઇ પટેલ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ રમેશભાઈ પટેલ, ભરૂચના ખેડૂત આગેવાન સંદીપભાઇ માગરોલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### વાણિજ્ય વિભાગ નોટિફાઇડ GIDCમાં પ્રોફેશન ટેક્સ વસૂલી નહીં શકે

# ઔદ્યોગિક એકમોનો પ્રોફેશન ટેક્સ જે તે જીઆઈડીસીને જ મળશે

**ધારાસભ્ય** સંદીપ દેસાઇ અને સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીની રજૂઆતનો લાભ હવે રાજ્યની 24 GIDC ને મળશે

**ભંડોળનો** ઉપયોગ GIDC વિકાસના કામો માટે કરી શકાશે

સુરતઃ નોટિફાઈડ જીઆઈડીસીમાં આવેલા એકમો અગાઉ રાજ્યના વાણિજ્ય વિભાગમાં પ્રોફેશન ટેક્સ ભરતાં હતા પરંતુ હવે સરકારે જે તે એકમોએ પોતાની જીઆઈડીસીને જ પ્રોફેશન ટેક્સ આપી દેવાનો નિર્ણય કરતાં હવે રાજ્યની તમામ નોટિફાઈડ જીઆઈડીસીને મોટો નાણાંકીય લાભ થશે. ચોર્યાસીના ધારાસભ્ય સંદીપ દેસાઈ અને સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીની રજૂઆતનો લાભ રાજ્યની 24 GIDCને મળશે. વ્યવસાય વેરાની આવકથી ભેગા થયેલા ભંડોળનો ઉપયોગ સચિન સહિતની GIDC વિકાસના કામો માટે કરી શકશે.

સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટીના પ્રમુખ મયૂર ગોળવાલા એ જણાવ્યું હતું કે, 'સચિન નોટિફાઈડ વિસ્તારમાં પ્રોફેશનલ ટેક્સની વસૂલાતને લઈને છેલ્લા એક વર્ષથી કરવામાં આવી રહેલી રજૂઆતોને આખરે સફળતા મળી છે. ગાંધીનગર સ્થિત નિયામક નોટિફાઈડ વિસ્તારની કચેરી દ્વારા સચિન નોટિફાઈડ ઓથોરિટીને પ્રોફેશન ટેક્સ (વ્યવસાય વેરો) વસૂલવાની મંજૂરી અંગેની પ્રક્રિયા શરૂ કરવા સૂચના આપવામાં આવી છે.

સચિન ઈન્ડસ્ટ્રીયલ કો-ઓપરેટિવ સોસાયટી દ્વારા આ મુદ્દે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરીને વ્યવસાય વેરાની વસૂલાતથી સચિન GIDC વિસ્તારને મળનારા આર્થિક તથા વહીવટી લાભો તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું. સોસાયટીના પ્રમુખ મયુર ગોળવાલા, સેક્રેટરી કિશોર પટેલ, નોટિફાઈડ ચેરમેન નિલેશ ગામી અને બોર્ડ સભ્ય મિતુલ મહેતાએ આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. એ માટે સરકારમાં ભાર પૂર્વક રજૂઆત કરવા અને નીતિ વિષયક નિર્ણય લેવડાવવા ધારાસભ્ય સંદીપ દેસાઈનો આભાર વ્યક્ત કર્યો છે.

# ઓલપાડ કાંઠા સુગરના વહીવટ સામે સભાસદોનો મોરચો

**સ્ટેટ** રજિસ્ટ્રારને રજૂઆત, કરોડોની રકમ અટવાયાનો દાવો, બોર્ડના વહીવટની તપાસની માંગ

સુરત, સાયણઃ ઓલપાડ તાલુકાના સરસ ગામે આવેલી ધી ઓલપાડ કાંઠા વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ.ના વહીવટને લઈને સભાસદોમાં અસંતોષ ફરી સપાટી પર આવ્યો છે. મંડળીના સભાસદ વસંતભાઈ પટેલ અને જશવંતભાઈ પટેલે ગુજરાત રાજ્યના સહકારી મંડળીઓના રજિસ્ટ્રાર સમક્ષ ફરી ગંભીર રજૂઆત કરી વહીવટી બોર્ડના કાર્યકાળ દરમિયાન થયેલા વહીવટ, નાણાકીય વ્યવહારો, ખર્ચ અને નિર્ણયો અંગે ઉચ્ચસ્તરીય તથા નિષ્પક્ષ તપાસની માગ કરી છે.

રજૂઆતમાં સભાસદોએ આક્ષેપ કર્યો છે કે તા. 20 જુલાઈ, 2026ના રોજ અગાઉ પણ લેખિત રજૂઆત કરવામાં આવી હતી, છતાં આજદિન સુધી અસરકારક કાર્યવાહી થઈ નથી. સૌથી ગંભીર બાબત તરીકે રજૂઆતમાં મંડળીની કથિત નાણાકીય સ્થિતિનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે.

સરકારી ભંડોળના ઉપયોગ અને વ્યવહારો અંગે પણ તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. બોર્ડના કાર્યકાળ દરમિયાન થયેલા તમામ નાણાકીય વ્યવહારો, ખર્ચ, ખરીદી પ્રક્રિયા તથા વહીવટી નિર્ણયોની સ્વતંત્ર એજન્સી અથવા ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ કરાવી જવાબદારી નક્કી કરવાની માંગ સભાસદોએ કરી છે. સભાસદોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે રજૂઆત પર સમયસર કાર્યવાહી નહીં થાય તો તેઓ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની સાથે કાનૂની માર્ગ પણ અપનાવશે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### નવરાત્રીઃ સુરતમાં...

સુરતવાસીઓમાં નવરાત્રીના નવ દિવસ દરમિયાન રોજ નવો અને આકર્ષક લુક અપનાવવાનો ક્રેઝ સતત વધી રહ્યો છે, જેના કારણે છેલ્લા એક સપ્તાહથી શહેરના મુખ્ય રસ્તાઓ પર પાથરણાવાળાઓ પાસે ખરીદી માટે ભારે ભીડ જોવા મળી રહી છે. ખેલૈયાઓ દ્વારા ચણિયા-ચોળી, કેડિયાં, દુપટ્ટા અને મેચિંગ ઓર્નામેન્ટ્સની જોરશોરથી ખરીદી થઈ રહી છે, જેને લીધે સમગ્ર બજારમાં જબરદસ્ત તેજી છવાઈ છે.

### વિવિધ વેરાયટી...

સોલંકીના જણાવ્યા અનુસાર, સુરતમાં વેચાતા ચણિયા-ચોળીનો મોટો જથ્થો અમદાવાદ, અમરેલી, સારંગપુર અને પાલીતાણા જેવા વિસ્તારોમાંથી આવે છે. હેન્ડવર્ક ઉપરાંત પ્રીમિયમ રિયોન મટિરિયલ અને ખાદી કોટનની માંગ પણ બજારમાં વિશેષરૂપે વધી છે. નાના સ્ટોલ તથા દુકાનો સહિત રિટેઈલ બજારોમાં સામાન્ય રેન્જના ચણિયા-ચોળી રૂ. 300થી શરૂ થઈને રૂ. 5,500 સુધીની કિંમતમાં ઉપલબ્ધ રહીને ગ્રાહકોને આકર્ષી રહ્યા છે.

### રસ્તાઓ પર...

ગણેશ વિસર્જન બાદ જ નવરાત્રી ફેશન બજાર ધમધમવા લાગે છે. આ વિસ્તારોમાં આવેલા રસ્તા પરના સ્ટોલ પર નવરાત્રીના વસ્ત્રો અને ઘરેણાં ખરીદવા માટે યુવતીઓ અને મહિલાઓની ભારે ભીડ ઉમટે છે. વેપારીઓના અંદાજ મુજબ, નવરાત્રીના આશરે 9થી 10 દિવસના ટૂંકા ગાળામાં માત્ર આઉટફિટ્સ અને ઓર્નામેન્ટ્સના વેપારમાં રૂ. 7 કરોડથી વધુનું જંગી ટર્નઓવર થવાની પૂરેપૂરી સંભાવના છે.

### નવરાત્રી બન્યો...

રોજ નવા દેખાવાના વધતા શોખને કારણે એક જ ગ્રાહક તરફથી નવ દિવસ દરમિયાન કપડાં અને ઓર્નામેન્ટ્સ પાછળ અનેકગણો ખર્ચ થઈ રહ્યો છે. પરિણામે ગણેશોત્સવ બાદ શરૂ થતો આ વેપાર નવરાત્રીના દિવસોમાં ચરમસીમાએ પહોંચે છે અને સમગ્ર સીઝનમાં રૂ.7 કરોડથી વધુના વેપારનું બજાર ઊભું થવાનો વેપારીઓનો અંદાજ છે.

### ઈન્ડિગોએ બંધ...

અને ડોમેસ્ટિક ફ્લાઈટની જાહેરાત કરી છે. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી ઈન્ડિગો એ ઈન્ટરનેશનલ એર ઓપરેશન બંધ કરતા એનો લાભ ઉઠાવવા એરઈન્ડિયા એક્સપ્રેસ ખાડી યુદ્ધ વખતે 28 ફેબ્રુઆરીથી બંધ કરેલી શારજાહ - સુરત - શારજાહ ફ્લાઈટ ફરી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. આ ફ્લાઈટ સુરતથી બુધવાર,શુક્રવાર અને રવિવારે ઓપરેટ થશે. સુરતથી શારજાહ જવા આ ફ્લાઈટ બપોરે 3:15 વાગ્યે પ્રસ્થાન કરશે.સાંજે 4:50 વાગ્યે શારજાહ પહોંચશે.સાંજે 5 :50 વાગ્યે શારજાહથી ટેકઓફ થઈ સુરત પરત આવશે. જે તે સમયે સુરતથી શારજહાંની ફ્લાઈટ યુદ્ધને કારણે બંધ કરી દેવાઈ હતી. સુરત - દુબઈ - સુરત ફ્લાઈટનું ભાડું વધુ રહેતું હોવાથી દુબઈ, શારજાહ અને અબુધાબીમાં કામ કરતા દક્ષિણ ગુજરાતના ફ્રિકવન્ટ ફ્લાયર્સ સુરત - શારજાહ ફ્લાઈટનો વધુ ઉપયોગ કરતા આવ્યા છે. એર ઈન્ડિયા એક્સપ્રેસ દ્વારા સુરતથી શારજાહ માટે સીધી ફ્લાઈટનું બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, વિન્ટર શિડયુઅલ દરમિયાન શારજાહ-સુરત-શારજાહ ફ્લાઈટ સપ્તાહમાં ત્રણ દિવસ ઓપરેટ કરવામાં આવે તેવી શક્યતા છે. જોકે, એરલાઈન તરફથી ડિસેમ્બર 2026 માટે આ ફ્લાઈટનું ડેઈલી ટિકિટ બુકિંગ દર્શાવવામાં આવી રહ્યું છે.

### 'પેશન્ટ નં.11'નો...

સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. મુખ્ય ભૂમિકા ભજવવાની સ્થિતિમાં ન હોવાથી નાટકનું મંચન રદ કરવાનો નિર્ણય લેવાયો હતો. નાટ્ય સ્પર્ધામાં પસંદગી પામેલા નાટકનું મંચન આ રીતે છેલ્લી ઘડીએ રદ કરવાનો આ પ્રથમ કિસ્સો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ઈવેન્ટઝ ટ્રી સંસ્થા દ્વારા 'પેશન્ટ નંબર 11' નાટક રજૂ થવાનું હતું. જોકે, મંચન પૂર્વે જ મુખ્ય કલાકારની તબિયત અચાનક લથડતાં તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મુખ્ય પાત્ર વિના નાટક ભજવવું શક્ય ન હોવાથી આયોજકોને નાટક રદ કરવાની ફરજ પડી હતી.

### દીપડો ત્રણ...

બાળકનો કોઈ પત્તો મળ્યો ન હતો. ત્યારબાદ ગ્રામજનો દ્વારા વાંસદા વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગની ટીમ પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને દીપડા તથા બાળકને શોધવા માટે કામગીરી હાથ ધરી હતી. ઘરથી થોડા અંતરે આવેલા ખેતરમાં લોહીના નિશાન મળી આવતા દીપડો બાળકને ત્યાંથી લઈ ગયો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી. ઘટનાની જાણ સમગ્ર ગામમાં ફેલાતાં મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટનાસ્થળે એકત્રિત થયા હતા. સાથે જ કેટલાક રાજકીય આગેવાનો પણ સ્થળ પર પહોંચી બાળકની શોધખોળમાં જોડાયા હતા. દીપડા દ્વારા રહેણાંક વિસ્તારમાંથી નાના બાળકને ઉઠાવી જવાની ઘટનાને પગલે ભીનાર સહિત આસપાસના ગામોમાં ભારે ભયનો માહોલ જોવા મળ્યો હતો. વાંસદા વન વિભાગની ટીમ દ્વારા સઘન કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### દિવાળી બાદ...

સમક્ષ એક મહત્વપૂર્ણ પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

કોન્કર્સ એટલે શું?

ટ્રેકની ઉપર હવામાં આટલો મોટો અને ભારે સ્ટીલ કે કોંક્રિટનો હોલ (રૂફ પ્લાઝા) ટકાવી રાખવા માટે પ્લેટફોર્મની આસપાસ ખૂબ જ મજબૂત પિલર્સ (થાંભલા) ઊભા કરવા પડે છે. આ પિલર્સને જમીનની અંદરથી ટેકો આપતા પાયાના માળખાને કોન્કર્સ ફાઉન્ડેશન કહેવામાં આવે છે. રેલવે સ્ટેશનનો એવો મોટો ખુલ્લો હોલ કે મધ્યવર્તી વિસ્તાર જ્યાં બધી બાજુથી મુસાફરો ભેગા થાય છે. આ એરપોર્ટ જેવા આધુનિક હોલમાં વેટિંગ લાઉન્જ, ફૂડ કોર્ટ, ટિકિટિંગ અને દુકાનો જેવી વર્લ્ડ-ક્લાસ સુવિધાઓ હોય છે. આ આખો હોલ રેલવે ટ્રેકની બરાબર ઉપર (આશરે 9 મીટરની ઊંચાઈએ) એક વિશાળ રૂફ પ્લાઝા તરીકે બનાવવામાં આવે છે, જેથી મુસાફરો સીધા લિફ્ટ કે એસ્કેલેટર દ્વારા પોતાના પ્લેટફોર્મ પર ઉતરી શકે.

દિવાળી પછી કામ શરૂ થવાની ગણતરી

તહેવારોના દિવસોમાં સ્ટેશન પર મુસાફરોનો ભારે ધસારો રહેતો હોય છે, જેને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા આ મોટો નિર્ણય લેવાયો છે. દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ પ્લેટફોર્મ નંબર એક પર ફાઉન્ડેશન બનાવવાની પ્રક્રિયા વિધિવત રીતે શરૂ કરવાની ગણતરી રાખવામાં આવી છે, જેથી મુસાફરોને તહેવારો દરમિયાન કોઈ મોટી હાલાકીનો સામનો ન કરવો પડે.

# એક ગુનો નોંધાયા બાદ વેલંજાના યુવક સામે પોકસોનો જ બીજો ગુનો નોંધાયો

**વેલંજાના** પ્રિન્સ કાકડીયાએ સિંગણપોરની યુવતી 16 વર્ષની ઉંમરની હતી ત્યારે ઓયો હોટલમાં વારંવાર શરીર સંબંધ બાંધ્યા હતા

**પુખ્ત** વયની થઇ ત્યારે લીવઇન કરાર કરી ભાવનગર લઇ ગયો

**પોક્સોના** એક કેસમાં નામ ખુલ્યા બાદ યુવતીએ ફરિયાદ કરતાં બીજો ગુનો નોંધાયો

સુરત :સિંગણપોર વિસ્તારમાં ત્રણ વર્ષ અગાઉ 16 વર્ષની સગીરાને ભગાડી જનાર પ્રિન્સ કાકડિયા સામે પોક્સો એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

સિંગણપોર વિસ્તારમાં રહેતી અને 16 વર્ષની નેહા (નામ બદલ્યું છે)ની ઓળખાણ સોશિયલ મીડિયા મારફતે વેલંજા ખાતે રામ વાટિકા સોસાયટીમાં રહેતા પ્રિન્સ અરવિંદભાઈ કાકડિયા સાથે થઈ હતી જે પ્રેમસંબંધમાં પરીણમી હતી. ફેબ્રુઆરી ફેબ્રુઆરી 2024થી તે તેને અવરનવર ઓયો હોટલમાં લઈ જઈ શરીર સંબંધ બાંધતો હતો. ત્યારબાદ લીવઈન રિલેશનશીપ કરાર કરી તે તેને ભાવનગર લઈ ગયો હતો.

સગીરા ગુમ થતાં તેના પિતાએ સિંગણપોર પોલીસ મથકમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ભાવનગર પહોંચી ત્યારે તેણે તે મરજીથી રહેતી હોવાનું જણાવ્યું હતું આ દરમિયાન તે પુખ્તવયની હોવાથી પોલીસ પરત ફરી હતી.

દરમિયાન પ્રિન્સ વિરુદ્ધ અન્ય એક પોક્સોનો ગુનો નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી હતી. જેથી યુવતી એકલી પડતાં તેણે પિતાનો સંપર્ક કારતા પિતાએ મદદ કરવાનો ઈનકાર કરી દેતા તેણે દાદાનો સંપર્ક કર્યો હતો. દાદાએ સિંગણપોર પોલીસનો સંપર્ક કર્યો હતો. જ્યારે ઓયો હોટલમાં બંને વચ્ચે સંબંધ બંધાયા ત્યારે સગીરા સોળ વર્ષની હોવાથી પોલીસે પ્રિન્સ અરવિંદભાઈ કાકડિયા વિરુદ્ધ પોક્સો એક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, પ્રિન્સ કાકડીયા સામે નોંધાયેલા બીજા ગુના પરથી તે યુવતીઓને ફસાવતો હોવાનું બહાર આવ્યું છે. આગામી દિવસોમાં બીજા ગુના નોંધાય તેવી સંભાવના છે.

**અનુસંધાન**... પાના પહેલાનું

### ચૂંટણી પંચના ગેરકાયદે...

ચૂંટણી પંચ દ્વારા લેવાયેલા નિર્ણયો જોવાની જરૂર છે. સિંહે એવો દાવો કર્યો હતો કે CECના એકતરફી નિર્ણયોને કારણે મતદાર યાદી પોતે જ "દૂષિત" થઈ ગઈ છે. ત્યારે જસ્ટિસ બાગચીએ પૂછ્યું કે શું કોર્ટ સામા પક્ષને સાંભળ્યા વિના આવો એકતરફી આદેશ આપી શકે? "જો રેકોર્ડ દર્શાવે છે કે કેટલાંક નિર્ણયો સર્વસંમતિથી નહોતા લેવાયા, તો અમે તે નિર્ણયો પર સ્ટે મૂકીશું અને તેને કાયદાથી ઉપરવટ જાહેર કરીશું. પરંતુ શું અમે એકતરફી નિર્ણય પર આવી શકીએ કે તમામ નિર્ણયો એકપક્ષીય હતા? અમે આશા રાખીએ છીએ કે તેઓ સ્પષ્ટ અને પારદર્શક રીતે જવાબ આપશે," જસ્ટિસ બાગચીએ કહ્યું. સિંહે એવો પણ દાવો કર્યો હતો કે એક સમાચાર અહેવાલથી સર્જાયેલા વિવાદ બાદ ચૂંટણી પંચ દ્વારા બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ, લેખમાં જણાવેલી બાબતોનો સ્વીકાર કરવા સમાન હતી. જો કે CJI કાંતે જણાવ્યું હતું કે અદાલત માત્ર અખબારી અહેવાલોના આધારે આદેશ આપી શકે નહીં અને તેણે ચૂંટણી પંચ અને કેન્દ્રના જવાબો જોવા પડશે.

### સુપ્રીમની નોટિસો...

સાબિત થઈ ગયું છે કે સીઈસી કુમારે ફોર્મ 6 માં "ગેરકાનૂની અને એકતરફી" ફેરફાર કર્યો હતો અને આ "લોકશાહી પરના ગુનાહિત હુમલા" માં સામેલ સીઈસી તેમજ અન્ય તમામ લોકોને જવાબદાર ઠેરવવામાં આવશે. જ્યારે ભાજપના સંબિત પાત્રાએ આની સામે કહ્યું હતું કે લોકો સુપ્રીમ કોર્ટમાં આવી અરજીઓ કરી શકે છે અને તેના પર સુપ્રીમ કોર્ટ નોટિસ જારી કરે છે તે જ દર્શાવે છે કે ભારત લોકશાહી ઢબે ચાલે છે અને ક્યાંયે ભયનું વાતાવરણ નથી.

### ઈન્ડિગો એરલાઇન્સે...

**5500, આફ્રિકા માટે રૂપિયા 6000 અને યુરોપ માટે રૂપિયા 10,000 સુધીનો સરચાર્જ લાગશે. ઇન્ડિગોએ સ્પષ્ટતા કરી છે કે**

**પશ્ચિમ એશિયા અને દક્ષિણ-પૂર્વ એશિયા ઉપરાંત 'ઉત્તર અને પૂર્વ એશિયા' તથા 'જીસીસી' દેશોની ફ્લાઇટ્સ પર પણ રૂ. 5500નો ફ્યુઅલ સરચાર્જ લાગુ થશે.**

**ઉલ્લેખનીય છે કે ઇન્ડિગો એરલાઇન્સ દરરોજ 22,00થી વધુ ફ્લાઇટ્સનું સંચાલન કરે છે.(આઈએટીએફ)ના ભાવમાં 14 ટકાથી વધુનો માસિક ઉછાળો આવ્યો છે, જે છેલ્લા એક દાયકાના ઉચ્ચતમ સ્તરે છે. ઓપરેટિંગ ખર્ચનો મોટો હિસ્સો ઇંધણનો હોવાથી આ નિર્ણય લેવો પડ્યો છે, જોકે ગ્રાહકો પર ઓછો બોજ પડે તે માટે સંતુલિત વધારો કરાયો છે. 1 ઓક્ટોબરે સ્થાનિક એરલાઇન્સ માટે એટીએફના ભાવ પ્રતિ લીટર રૂ. 121થી સીધા વધીને રૂ. 137 થઈ ગયા હતા.**

### તુકારામ મુંઢે ન્યૂયોર્ક...

એક અલગ જ પ્રકારના સૈલિબ્રિટી બની ગયા છે. તેમની આ કાર્યવાહીએ રાજ્યના કેટલાક સૌથી જાણીતા ખાદ્ય વ્યવસાયોને તપાસના ઘેરામાં લાવી દીધા છે અને તેમને ગ્રાહકો તથા રેસ્ટોરન્ટ માલિકો વચ્ચે એક જાણીતું નામ બનાવી દીધા છે. દરમિયાન, 'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'એ મુંઢેને તેમના પ્રથમ પાના પર 'ભારતમાં એક ફૂડ ઈન્સ્પેક્ટર રોક સ્ટાર છે' શીર્ષક હેઠળ સ્થાન આપ્યું છે, જેની સબ-હેડલાઇન હતીઃ "ગ્રાહકો તેમને પૂજે છે અને માલિકો તેમનાથી ડરે છે". વ પ્રતિ લીટર રૂ. 121થી સીધા વધીને રૂ. 137 થઈ ગયા હતા.

### રશિયાના સાઇબિરિયા...

ન્યૂમોનિક પ્લેગથી થયું છે.

એક્સિઓસ દ્વારા ટાંકવામાં આવેલા સ્થાનિક અહેવાલો અનુસાર, શિપિલોવાએ નમૂનાઓ એકત્રિત કરતી વખતે ન્યુમોનિક પ્લેગના રોગકારક જીવાણુ ધરાવતી ટેસ્ટ ટ્યુબ આકસ્મિક રીતે તોડી નાખી હોઈ શકે છે. લેબોરેટરીની આ ઘટનાના સંજોગોની સ્વતંત્ર રીતે પુષ્ટિ થઈ નથી. રશિયન આરોગ્ય અધિકારીઓએ તેણીનું મૃત્યુ પ્લેગથી થયું હોવાની પુષ્ટિ કરી નથી. રોસ્પોટ્રેબનાડઝોરે આ બીમારીને "અજ્ઞાત કારણોસર થયેલ ન્યુમોનિયા તરીકે વર્ણવી હતી અને જણાવ્યું હતું કે વિસ્તારમાં સેનિટરી અને રોગચાળાની સ્થિતિ સ્થિર રહી છે. અહેવાલો મુજબ, આ વિસ્તારમાં ઓછામાં ઓછા 197 લોકોને તબીબી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે, જ્યારે 100થી વધુ લોકો હોસ્પિટલના વોર્ડમાં હોવાનું કહેવાય છે. અધિકારીઓએ વિસ્તારની તબીબી સુવિધાઓમાં સાવચેતીના પગલાં પણ લાગુ કર્યા છે.

### ભારત-અમેરિકા...

યુએસ અગાઉના વર્ષોમાં થયેલા નુકસાનને સરભર કરવા માટે છૂટછાટો માંગી રહ્યું હતું. આ વાટાઘાટો ફેબ્રુઆરી 2026માં જાહેર કરાયેલ વચગાળાના વેપાર કરારના માળખાને અનુસરે છે. ફેબ્રુઆરી 7ના રોજ ભારતના વાણિજ્ય મંત્રાલય દ્વારા પ્રકાશિત સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બંને દેશો વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર પર વાટાઘાટો ચાલુ રાખીને તે સમજૂતીને આખરી ઓપ આપવાની દિશામાં કામ કરશે. તે વાટાઘાટો 13 ફેબ્રુઆરી, 2025ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરાવવામાં આવી હતી. નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું કે ભારત આ કરારને પોતાના રાષ્ટ્રીય હિતોને ધ્યાનમાં રાખીને ઓપ આપવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### હેલ્થ ઈન્સ્યોરન્સ...

અટકાવવા આ નિર્ણય જરૂરી છે. આ સાથે કાઉન્સિલ 4,300થી વધુ હોસ્પિટલોમાં કોમન એમ્પાનલમેન્ટ, માનક દર અને વિવાદ નિવારણ તંત્ર લાવવાની યોજના બનાવી રહી છે. જોકે, વીમા નિષ્ણાતો આ પ્રસ્તાવ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. નિષ્ણાતોનું કહેવું છે કે ગ્રાહકોને સંપૂર્ણ કવરેજ માટે વધુ પ્રીમિયમ આપવાનો વિકલ્પ મળવો જોઈએ અને તેમના પર ફરજિયાત કો-પેમેન્ટ લાદવું યોગ્ય નથી. હાલ આ પ્રસ્તાવ વિચારાધીન છે અને તેને આખરી પોલિસી તરીકે લાગુ કરવાનો આખરી નિર્ણય લેવાયો નથી.

### સાઉદી અરેબિયાએ...

છે. આથી, એશિયન રિફાઈનર્સ માટે ક્રૂડ તેલની વેચાણ કિંમતમાં થયેલો આ ઘટાડો મધ્ય પૂર્વથી તેલ પોતાની રિફાઈનરીઓ સુધી લાવવામાં થતા વધારાના ખર્ચને સરભર કરવામાં મદદ કરી શકે છે. આયાતી ક્રૂડ તેલ પર વધુ નિર્ભર રહેતા ભારત માટે, આ પગલું પરિવહન ખર્ચમાં થઈ રહેલા વધારા સામે થોડું રક્ષણ પૂરું પાડે છે. જો કે, ભારતીય રિફાઈનર્સ સુધી પહોંચતા ક્રૂડ તેલની વાસ્તવિક કિંમત ભાડાના દરો, વૈશ્વિક બેન્ચમાર્ક અને વૈકલ્પિક પુરવઠા માર્ગોની ઉપલબ્ધતા જેવા અસંખ્ય પરિબળો પર આધાર રાખે છે. ભારતીય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ પણ તેમના પોતાના માર્જિનને ધ્યાનમાં લેવા પડશે.

### દિલ્હી ડાયરી...

જણાવ્યું હતું કે, નવી દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત ભારત હોટેલ્સ લિમિટેડ (ધ લલિત)ના પરિસરમાંથી એક નમૂનો એકત્રિત કરવામાં આવ્યો હતો. એફએસએસએઆઈ અનુસાર, ફૂડ એનાલિસ્ટની લેબોરેટરી રિપોર્ટે ઉત્પાદનને 'ગુણવત્તા વગરનું અને અસુરક્ષિત' જાહેર કર્યું, જે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ (એફએસએસ) એક્ટ, 2006ના નિયમોનું ઉલ્લંઘન છે. નિયમનકારે જણાવ્યું હતું કે, લેબોરેટરી વિશ્લેષણ અહેવાલની એક નકલ સંદર્ભ અને જરૂરી કાર્યવાહી માટે ફૂડ બિઝનેસ ઓપરેટર (એફબીઓ)ને આપવામાં આવી હતી.

#### રાહુલ ગાંધી દ્વારા વિરોધ પ્રદર્શનો

લોકસભામાં વિપક્ષના નેતા અને વરિષ્ઠ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ સમગ્ર દેશમાંથી મુદ્દા આધારિત વિરોધ પ્રદર્શનો અને લોક ફરિયાદોને એકત્ર કરવાના હેતુથી 'સત્યાગ્રહ' નામનું એક ડિજિટલ પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે અને જણાવ્યું છે કે, જ્યાં પણ 'સત્યનું દમન થઈ રહ્યું છે' ત્યાં લોકોની પડખે ઊભા રહેવું તેમની જવાબદારી છે.

પ્લેટફોર્મ લોન્ચ કરતી વખતે રાહુલ ગાંધીએ સરકાર સામેના વિરોધ પ્રદર્શનોમાં સામેલ લોકોને પ્લેટફોર્મ પર તેમની ચળવળો રજિસ્ટર કરવા અને તેમની વાર્તાઓ શેર કરવા વિનંતી કરી. મહાત્મા ગાંધીની જન્મજયંતિના બીજા દિવસે લોન્ચ કરાયેલી આ પહેલનો ઉદ્દેશ્ય વિવિધ અભિયાનોને સામાન્ય ડિજિટલ નકશા પર મૂકવા અને સમાન કારણોસર લડતા લોકોને એકબીજા સાથે જોડવામાં સક્ષમ બનાવવાનો છે. 'એક્સ' પરની એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, "સમગ્ર દેશમાં લોકો તેમના અધિકારો માટે લડી રહ્યા છે અને ઘણી વાર એકલા જ લડી રહ્યા છે," જેમાં જેન ઝી, વિદ્યાર્થીઓ, ખેડૂતો, આદિવાસીઓ, દલિતો અને મહિલાઓ સાથે સંકળાયેલી ચળવળોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું, "સત્યાગ્રહ એ આ અવાજોને એક મંચ પર એકત્ર કરવાની પહેલ છે." મહાત્મા ગાંધીને યાદ કરતાં કોંગ્રેસ નેતાએ કહ્યું કે, સત્ય એક શક્તિશાળી હથિયાર છે અને સામૂહિક કાર્યવાહીના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે એ લોકોને પોતાના અનુભવો આ પ્લેટફોર્મ પર શેર કરવા અપીલ કરી જે લોકો અન્યાયનો સામનો કરી રહ્યા છે.

#### જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ પર પોલીસ હિંસાની તપાસની માંગ

સીપીઆઈના રાજ્યસભાના નેતા પી. સંતોષ કુમારે જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શનોને સંભાળતી વખતે દિલ્હી પોલીસના જવાનો દ્વારા કથિત પોલીસ હિંસા, મનસ્વી અટકાયતો અને ઓળખના બેજ હટાવવા અથવા છુપાવવા અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સમક્ષ હસ્તક્ષેપની માંગણી કરી છે. કુમાર, જેઓ ગયા સપ્તાહાંતે જંતર-મંતર ખાતે અન્ય પ્રદર્શનકારીઓ સાથે અટકાયતમાં લેવામાં આવ્યા હતા, તેમણે આરોપ લગાવ્યો કે ''દિલ્હી પોલીસે નાગરિકોના લોકશાહી અધિકારનો ઉપયોગ કરવાની સુરક્ષા સુનિશ્ચિત કરવાને બદલે શાંતિપૂર્ણ રાજકીય એકત્રીકરણનો હિંસા, સામૂહિક અટકાયતો, ઇન્ટરનેટ શટડાઉન અને મારામારીથી જવાબ આપ્યો છે." સીપીઆઈ સાંસદે ખાસ કરીને પ્રદર્શનકારીઓ પર અટકાયત કરતાં પહેલાં અથવા બળપ્રયોગ કરતાં પહેલાં પોલીસ કર્મચારીઓ દ્વારા ઓળખના ટેગ્સ (બેજ) ન પહેરવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

# ધો.૧૦ પાસથી એન્જિનિયરિંગ-મેનેજમેન્ટ સુધી રોજગારની તક

**૨૨** કંપની ૪૮૮ જગ્યા માટે ભરતીમેળો, કિરણ હોસ્પિટલમાં મેડિકલ-પેરામેડિકલની ૧૨૨ જગ્યા, કેટલીક પોસ્ટમાં રૂ.૬ લાખ સુધીનું વાર્ષિક પેકેજ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને યુનિવર્સિટી રોજગાર માહિતી અને માર્ગદર્શન કેન્દ્ર, સુરતના સંયુક્ત ઉપક્રમે આગામી ૨૩ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ભરતીમેળામાં વિવિધ ક્ષેત્રોની ૨૨ કંપનીઓ દ્વારા કુલ ૪૮૮ જગ્યા જાહેર કરવામાં આવી છે. લાયકાતના દાયરાને જોતા ધોરણ-૧૦ અને ૧૨ પાસ ઉમેદવારોથી માંડીને ગ્રેજ્યુએટ, ડિપ્લોમા, DMLT, GNM અને B.Sc. નર્સિંગ જેવી લાયકાત ધરાવતા યુવાનો માટે રોજગારીની તકો ઊભી થશે.

ભરતીમેળામાં બેન્કિંગ, હેલ્થકેર, એન્જિનિયરિંગ, સેલ્સ-માર્કેટિંગ, એકાઉન્ટ્સ, HR અને ટેકનિકલ સહિતના વિવિધ ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે. ખાસ કરીને હેલ્થકેર ક્ષેત્રમાં કિરણ હોસ્પિટલ દ્વારા વિવિધ મેડિકલ અને પેરામેડિકલ પદો માટે સૌથી વધુ ૧૨૨ જગ્યા જાહેર કરવામાં આવી છે.

ભરતીમેળાની ખાસિયત એ છે કે તેમાં માત્ર અનુભવી ઉમેદવારો જ નહીં, પરંતુ ફ્રેશર્સ માટે પણ વિવિધ પોસ્ટ ઉપલબ્ધ છે. કેટલીક જગ્યાઓ માટે ધોરણ-૧૦ અને ૧૨ પાસ લાયકાત પૂરતી રહેશે, જ્યારે અન્ય પદો માટે ગ્રેજ્યુએશન, ડિપ્લોમા, DMLT, GNM, B.Sc. નર્સિંગ સહિતની વિશિષ્ટ શૈક્ષણિક લાયકાત માગવામાં આવી છે. જાહેર થયેલી જગ્યાઓમાં પગાર પદ, લાયકાત અને ક્ષેત્ર પ્રમાણે અલગ-અલગ રહેશે. કેટલીક જગ્યાઓ માટે રૂ.૧.૫૦ લાખથી રૂ.૧.૮૦ લાખ સુધીનું વાર્ષિક પેકેજ જાહેર કરાયું છે. બીજી તરફ એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટ ક્ષેત્રની કેટલીક પોસ્ટ માટે રૂ.૫ લાખથી રૂ.૬ લાખ સુધીનું વાર્ષિક પેકેજ ઉપલબ્ધ રહેશે.